# રાજકોટ મહાનગરપાલિકા - એસ્ટેટ વિભાગ

## નવરાત્રીના તહેવાર નિમિતે રાસોત્સવ માટે રાજકોટ મહાનગરપાલિકાની માલિકીના રેસકોર્સ તેમજ અન્ય મેદાન ભાડે આપવા અંગેનું ટેન્ડર

**ટેન્ડરની અગત્યની તારીખો :**

| | |
|---|---|
| ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ | તા.૨૧/૦૯/૨૦૨૩ |
| પ્રિ-બીડ મીટીંગની તારીખ અને સમય | તા.૨૫/૦૯/૨૦૨૩ સવારે ૧૧.૩૦ કલાકે |
| ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ, સમય | તા.૩૦/૦૯/૨૦૨૩, ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર પહોંચતા કરવાની છેલ્લી તારીખ અને સમય (ફક્ત રજી.એડી./સ્પીડ પોસ્ટ / કુરીયર દ્વારા) | તા.૦૩/૧૦/૨૦૨૩, ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | તા.૦૪/૧૦/૨૦૨૩, સવારે ૧૧.૦૦ કલાકે |
| ભરેલા ટેન્ડર બંધ કવરમાં મોકલવાનું સરનામું : (ફક્ત રજી.એડી./સ્પીડ પોસ્ટ/ કુરીયરથી) | એસ્ટેટ વિભાગ, ત્રીજો માળ, રૂમ નં.૧૦, રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. |

<u>ભાવપત્રક :-</u>

| ક્રમ | ભાડે રાખવા માંગતા મેદાનનું સરનામું | પ્લોટનું ક્ષેત્રફળ | અપસેટ કિંમત પ્રતિ. ચો.મી. પ્રતિદિન રૂ. | ઈ.એમ.ડી.ની રકમ રૂ. | ટેન્ડરર દ્વારા ઓફર કરેલ ભાવ પ્રતિ. ચો.મી. પ્રતિદિન રકમ રૂ.(આંકડાં અને શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | રેસકોર્સ મેદાન ભાગ – A (સામેલ નકશા મુજબ) | ૧૨,૮૦૦ ચો.મી. | રૂ. ૦૬ (છ) | ૧,૦૦,૦૦૦/- | |
| ૨ | રેસકોર્સ મેદાન ભાગ – B (સામેલ નકશા મુજબ) | ૧૨,૭૨૩ ચો.મી. | રૂ. ૦૬ (છ) | ૧,૦૦,૦૦૦/- | |
| ૩ | નાના મવા સર્કલ (H.P.C.L.) પંપ પાસે | ૯૪૩૮ ચો.મી. | રૂ. ૦૬ (છ) | ૧,૦૦,૦૦૦/- | |
| ૪ | સાધુવાસવાણી રોડ, રાજ પેલેસ સામેનો પ્લોટ | ૫૩૮૮ ચો.મી. | રૂ. ૦૬ (છ) | ૧,૦૦,૦૦૦/- | |
| ૫ | પ્રમુખ સ્વામી ઓડી.ની બાજુનો પ્લોટ | ૩૦૭૩ ચો.મી. | રૂ. ૦૫ (પાંચ) | ૧,૦૦,૦૦૦/- | |
| ૬ | અમીનમાર્ગ કોર્નર, જેડ બ્લ્યુની સામેનો પ્લોટ | ૪૬૬૯ ચો.મી. | રૂ. ૦૫ (પાંચ) | ૧,૦૦,૦૦૦/- | |

ભાવ ભરનારની સહી તથા સિક્કો : ______________________________

# રાજકોટ મહાનગરપાલિકા

## એસ્ટેટ શાખા,સેન્ટ્રલ ઝોન
## ડો.આંબેડકર ભવન, રાજકોટ.

ભાવ ભરનારનો ફોટો

**નવરાત્રીના તહેવાર નિમિતે રાસોત્સવ માટે રાજકોટ મહાનગરપાલિકાની માલિકીના રેસકોર્સ તેમજ અન્ય મેદાન ભાડે આપવા અંગેનું ટેન્ડર**

---

ભાવ ભરનારનું પુરૂ નામ અને સરનામું :-______________________________

______________________________

______________________________ફોન નંબર :- ______________________________

(૧) ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રૂ. ૧,૫૦૦/- ડી.ડી.નંબર ____________________તારીખ :__________

બેંકનું નામ ______________________________

(૨) અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- ડી.ડી. નંબર ______________તારીખ :__________

બેંકનું નામ ______________________________

(૩) ભાગીદારોના કિસ્સામાં ભાગીદારોના પુરા નામ સરનામાં મો.નંબર સાથે.

______________________________

______________________________

______________________________

<u>ટેન્ડર કામની શરતો</u>

1) મેદાન/પ્લોટની પ્રતિદિન પ્રતિ.ચો.મીટરની દૈનિક ભાડાંની અપસેટ પ્રાઈઝ સામેલ પત્રક મુજબ રાખવામાં આવેલ છે. **તેથી** તે ધ્યાને લઈ ભાવ ભરવાના રહેશે. અપસેટ પ્રાઈઝથી ઓછા ભાવ ભરેલ હશે તો ટેન્ડર રદ થયેલ ગણાશે.
2) ભાડે રાખેલ મેદાનના ભાડા**ની રકમ ઉપર નિયમો**નુસાર ૧૮% જી.એસ.ટી. અને ૧૦% સફાઈ ચાર્જ ભાડાં ઉપરાંત અલગથી ભરવાનો રહેશે.
3) મેદાન તારીખ <u>૧૩/૧૦/૨૦૨૩</u> થી તા.<u>૨૪/૧૦/૨૦૨૩</u> સુધી-૧૨ દિવસના સમગ્ર સમયગાળા માટે ભાડે રાખવાનું રહેશે. આ સમયગાળાથી ઓછા દિવસો માટે ભાડે આપવામાં આવશે નહિં.
4) ટેન્ડર ફોર્મ સિવાયની અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ટેન્ડર ફોર્મ એસ્ટેટ વિભાગ ખાતેથી રૂબરૂ તેમજ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પરથી મેળવી શકાશે.
5) ટેન્ડર ફી રૂ. ૧,૫૦૦/- તથા ઈ.એમ.ડી.ની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- ના ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે સામેલ રાખવાના રહેશે.
6) ભરેલ ટેન્ડર સીલ બંધ કવરમાં તા.૦૩/૧૦/૨૦૨૩ સુધીમાં સાંજે ૬-૦૦ કલાક સુધીમાં રજી પોસ્ટ/સ્પીડ પોસ્ટ / કુરીયરથી એસ્ટેટ શાખા, રૂમ નં.૧૦, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન કચેરી, ડો.

ભાવ ભરનારની સહી તથા સિક્કો : ______________________________

આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ ખાતે પહોંચાડવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

7) સમય મર્યાદામાં આવેલ ટેન્ડર તા.૦૪/૧૦/૨૦૨૩ રોજ સવારે ૧૧-૦૦ કલાકે સહાયક કમિશનરશ્રીની કચેરી ખાતે સેન્ટ્રલ ઝોનમાં ખોલવામાં આવશે. આવેલ ટેન્ડર પૈકી કયું ટેન્ડર સ્વીકારવું કે ન સ્વીકારવું અથવા તમામ ટેન્ડર રદ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનર સાહેબનો નિર્ણય આખરી રહેશે. જે ભાવ ભરનારને સંપૂર્ણ બંધનકર્તા રહેશે.
8) કોઈપણ શરત વાળું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. તેમજ છેક છાક કે અધુરી વિગતવાળું ટેન્ડર રદ થયેલ ગણાશે.
9) વ્યક્તિગત કિસ્સામાં અરજદારના આઈ.ડી.પ્રુફ તથા એડ્રેસ પ્રુફની સ્વપ્રમાણિત નકલો તથા પેઢીના કિસ્સામાં પેઢીની નોંધણીનો કોઈ પણ એક સ્વપ્રમાણિત આધાર પુરાવો આ ફોર્મ સાથે રજુ કરવાનો રહેશે.
10) અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ ઉપર કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ રહેશે. આ કામે જેટલા ગ્રાઉન્ડ માટે ટેન્ડર ભરેલ હોય તેટલા ગ્રાઉન્ડની અર્નેસ્ટમનીની રકમ ભરપાઈ કરવાની રહેશે. અર્નેસ્ટમનીની રકમનો રાજકોટ મહાનગરપાલિકાની તરફેણનો ડી.ડી. ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે. ટેન્ડર ફી તેમજ અર્નેસ્ટમની ડીપોઝીટ ભર્યા વગરનું ટેન્ડર રદ બાતલ ગણાશે.
11) જે ઈસમનાં ટેન્ડરના ઉંચા ભાવ મંજુર થાય તેમણે મુદ્દત પૂર્ણ થયે મેદાનનો કબજો એસ્ટેટ ઈન્સ.શ્રીને પરત કરવનો રહેશે. આ કામે સંબંધિત વોર્ડના એસ.આઈ. દ્વારા સફાઈ અંગેનું એન.ઓ.સી. આપ્યા બાદ જ E.M.D. ની રકમ પરત ચુકવવામાં આવશે.
12) આ કામના ભાવ મંજુર થાય અને એલોટમેન્ટ લેટર આપવામાં આવ્યે, મંજુર થયેલ ભાવ મુજબ ભાડુ+સફાઈ ચાર્જ+જી.એસ.ટી. સાથેની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપવાની રહેશે. સદરહુ રકમ ભરવામાં નિષ્ફળ ગયેથી અર્નેસ્ટમનીની રકમ જપ્ત/ખાલસા કરવામાં આવશે. આયોજનમાં ફેરફાર થાય અગર ભાવ મંજુર થયાં પછી ટેન્ડરર દ્વારા અનિચ્છા દર્શાવવામાં આવ્યે ડીપોઝીટ તથા ભરેલ ભાડાંની રકમ ખાલસા કરવામાં આવશે.
13) ટેન્ડર ભરનારે ટેન્ડર ફોર્મની વિગત પુરેપુરી સુવાચ્ય અક્ષરમાં – તેમજ સ્પષ્ટ જણાવવી. કોઈપણ પ્રકારે અધુરી વિગતવાળું ટેન્ડર રદ કરવામાં આવશે.
14) જો ટેન્ડરની મુદત પૂર્ણ થયા બાદ શરદ પૂનમ સુધી – ટેન્ડરમાં ભરેલ ભાવે ભાડે રાખવા ઈચ્છતા હશે તો લેખિત માંગણી કરવાની રહેશે. જો મ્યુનિ.કોર્પોરેશનને અન્ય કોઈ બીજા કામે મેદાનની જરૂર નહીં હોય તો મ્યુનિસિપલ કમિશનરશ્રી મુદત વધારી શકશે.
15) ભાડે રાખનાર અરજદાર/સંસ્થા/પેઢીએ ભાડે રાખેલ મેદાનમાં કોઈપણ પ્રકારનું પાકું બાંધકામ કરવાનું રહેશે નહીં.
16) ટેન્ડરનાં દરેક પાના ઉપર ભાવ ભરનારે સહી કરવાની રહેશે.
17) ટેન્ડરનાં જેટલાં દિવસ માટે મેદાન ભાડે રાખેલ હશે. તેટલાં દિવસ પુરતો જ જે તે હેતું માટે ઉપયોગ કરવાનો રહેશે. લેખિત મંજુરી વગર – મેદાનનો અનધિકૃત ઉપયોગ ચાલું રાખ્યેથી કમિશ્નરશ્રી દ્વારા નિર્ણય કર્યા મુજબની પેનલ્ટી/ચાર્જ વસુલ કરવામાં આવશે.

18) રેસકોર્સ મેદાનમાં સામેલ નકશા મુજબ ભાગ-A અને ભાગ-B જ ભાડે આપવામાં આવશે. બાકીનો ભાગ વિજ્યા દશમી - દશેરા ઉત્સવ માટે તેમજ અન્ય હેતું માટે રીઝર્વ રાખવાના રહેશે.
19) મ્યુનિસિપલ કમિશનરશ્રી ભાડે આપેલ મેદાન કે તેનો કોઈપણ ભાગ કે આખું મેદાન કોઈપણ જાતની નોટીસ આપ્યાં વગર ખાલી કરાવી શકાશે. તેમાં કોઈ વાંધો/તકરાર કરી શકાશે નહીં.
20) રેસકોર્સ મેદાન તેમજ અન્ય મેદાન ફકત નવરાત્રી તહેવાર માટે રાસ ગરબા તથા પાર્કીંગના હેતું માટે જગ્યાં ભાડે આપવામાં આવશે.
21) મેદાન જે હેતું માટે ભાડે આપેલ હશે તેજ હેતું માટે તેનો ઉપયોગ કરવાનો રહેશે. હેતું ફેર થયેથી મંજુરી રદ કરી મેદાનનો કબજો પરત લઈ લેવામાં આવશે.
22) મેદાન જે હેતું માટે ભાડે રાખેલ હોય તે કામે તમામ જરૂરી લાયસન્સ/મંજુરીઓ અરજદારે સરકારશ્રીના જેતે વિભાગમાંથી પોતાની જાતે મેળવી લેવાની રહેશે. અને સંબંધકર્તા વિભાગે જે શરતે મંજુરી આપેલ હશે તે શરતોનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. આ કામે કોઈ વિવાદ કે પ્રશ્ન ઉપસ્થિત થયે રા.મ્યુ.કોર્પોની કોઇજ જવાબદારી રહેશે નહીં. અને ભરેલ નાણાં પરત ચુકવવામાં આવશે નહીં.
23) અરજદાર સંસ્થા/પેઢી/ભાગીદારે પાર્કિંગના હેતું સિવાયનાં હેતું માટે મેદાન ભાડે રાખેલ હશે તો તેણે પોતાના ગ્રાહકોના વાહન પાર્કીંગ માટે ભાડે રાખેલ મેદાનમાં ૩૦% જેટલી જગ્યાં પાર્કીંગના હેતું માટે અચૂક અલગ રાખવાની રહેશે. રા.મ્યુ.કોર્પોની ભાડે નહીં આપેલ ખુલ્લી જગ્યાંમાં વાહનો પાર્ક થયાનું માલુમ પડશે તો મંજુરી રદ કરીને ભરેલ નાણાં ખાલસા કરવામાં આવશે. વાહન પાર્કીંગનો લે આઉટ પ્લાન રજૂ કરવાનો રહેશે.
24) ઉપરની કોઈપણ શરત કે શરતોને ભંગ કર્યેથી મેદાનની મંજુરી રદ કરી મેદાનનો કબજો પરત લઈ લેવામાં આવશે.
25) ઉપરની કોઈપણ શરત બાબતે વિવાદ ઉત્પન્ન થયેથી રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી રહેશે. જે ભાવ ભરનારને સંપૂર્ણ બંધનકર્તા રહેશે.

સહી : એ.ટી.ધામેલીયા
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

હું/અમો નીચે સહી કરનાર ______________________________________________
ઉંમર વર્ષ ________ સરનામું :- ______________________________________________
______________________________________________________________________

આ ટેન્ડરમાં જણાવેલ તમામ શરતો મે/અમે જાતે પુરેપુરી વાંચી – સમજી –વિચારીને અને તે પ્રમાણે ખાત્રી આપીને આ ટેન્ડર હું/અમો ભરું/ભરીએ છું/છીએ. તથા આ કામે તમામ પ્રકારનાં મ્યુનિ.કોર્પોના ટેક્ષ તથા સરકારશ્રીનાં ટેક્ષ ફી-વેરાઓ ભરી આપવા હું/અમો બંધાઉ/બંધાઈએ છું/છીએ. મારી/અમારી ઓફર પ્રમાણેની તથા ટેન્ડરમાં જણાવેલી મંજુર થયેલ રકમ ભરવાની હું/અમો બાંહેધરી આપું છું/છીએ. મારા/અમારા દ્વારા ટેન્ડરની શરત/શરતોનો ભંગ થયેથી રાજ/મ્યુનિ/કોર્પો.નાં સમક્ષ અધિકારી/મ્યુનિ.કમિશનર દ્વારા કરવામાં આવનાર તમામ કાર્યવાહી મને/ અમોને કબુલ મંજુર છે. જે બદલ હું/અમો સહી કરી આપું/આપીએ છું/છીએ.

ભાવ ભરનારનું નામ :- ______________________________________________
ભાવ ભરનારનું સરનામું :- ______________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
ભાવ ભરનારની સહી :- ______________________________________________

તા.    /    /૨૦૨૩
સ્થળ: